| Innovation ID | DTP0010000002722 | Sr No : 1 |
|---|---|---|

| | |
|---|---|
| Innovation Title | જમીનમાંથી ક્ષારનું નિયંત્રણ |
| Category | પાક ઉત્પાદન |
| Notebook Number | Lok(૪)૩, June-૧૯૯૯, Pg.No-૪ |
| Brief | જમીનમાંથી ક્ષારનું નિયંત્રણ કરી જમીનને ફળદ્રુપ બનાવવા માટે બંટી(Echinochloa frumentacea)નો ઉપયોગ |

**Detail**

(આ પદ્ધતિ એપ્રિલ ૨૦૦૪માં રીચેક કરેલ છે.)
જમીનમાં ક્ષારનું પ્રમાણ વધી જાય ત્યારે પાક ઓછો ઉતરે છે. આ સમયે મહેસાણા જિલ્લાના કડી તાલુકાના સેદરડી ગામના કનુભાઈ ઈશ્વરભાઈ પટેલ ખેતરમાં બંટી (Echinocloa Frumentacea) નું વાવેતર કરે છે.
ક્ષારવાળી જમીનમાં બંટીનું વાવેતર કરવાથી જમીનમાંથી ક્ષારનું શોષણ થાય છે. ત્યારબાદ ખેતરમાં જે પાક લેવામાં આવે છે. તેનું ઉત્પાદન વધુ મળે છે. વળી, બંટીનું વાવેતર કરવાથી જમીન સારી રહે છે. અને જમીની ફળદ્રુપતા પણ વધે છે. બંટીનો ઉપયોગ પશુઓના ઘાસચારા તરીકે પણ થઈ શકે છે.
કનુભાઈ છેલ્લા ત્રીસ વર્ષથી આંતરે વર્ષે બંટીનું વાવેતર કરે છે. અને ગામના અન્ય લોકો પણ આ પદ્ધતિનો ઉપયોગ કરે છે. ચોમાસામાં વધુ વરસાદના કારણે પાણી ભાતુ હોય અને તેમાં બીજા કોઈ પાક ન થાય ત્યારે બંટી પાકે છે. તેમના પાસે ૧૩ એકર વિઘાનું ક્ષારવાળુ ખેતર છે. તેમાં દરવર્ષે બંટી વાવે છે. વિઘે ૧૨ થી ૧૫ મણ થાય છે. બીજા રાસાયણિક દવા ખાતર નાખતા નથી. ઉત્તરદાતાના જણાવ્યા મુજબ જે જમીન ક્ષારવાળી હોય તે જમીનમાં કઠોળ થતુ નથી. તેજ ખેતરમાં દેશી કપાસ વાવે છે. છાણિયુ ખાતર પણ નાખતા નથી. તેનું કારણ બંટી છે. બંટીથી જમીન ફળદ્રુપ બને છે.

(નોંધઃ- આ પદ્ધતિનું પી.આઈ.સી જૂન ૨૦૦૪માં નિતિન રાઠોડે કરેલ છે.)
બંટી ઉગાડેલા ખેતરમાં હાલમાં તેઓ કપાસ ઉગાડે છે.
ચોમાસામાં બંટી વાવી (પહેલા વરસાદે), બીજા વરસાદે બે વખત આંતર ખેડ કરવી. બે વર્ષ સુધી બંટી વાવવાથી ક્ષાર શોષાય જાય છે. હાલમાં તેઓ બંટી વાવેલા ખેતરમાં કપાસ ઉગાડે છે. શિયાળામાં જીરૂ પણ સારુ થાય છે. આ ખેડૂતનું કહેવું છે કે તેમનું ઘર પણ આ પદ્ધતિના કારણે જ પાકી છત વાળુ થયું છે.

અન્ય ઉપયોગ કર્તા ખેડૂતો -
- છગનભાઈ વીસાભાઈ દેસાઈ
- વિષ્ણુભાઈ જયરામભાઈ દેસાઈ
- લક્ષ્મણભાઈ માધાભાઈ દેસાઈ
- ખોડાભાઈ હરગોવનભાઈ પટેલ
- મફાભાઈ હિરાભાઈ પટેલ

| | |
|---|---|
| Method of Use | |
| Caution | |
| Benefit | |
| Condition | |
| Material Used | બંટી(Echinochloa frumentacea) |
| IPR Status | |
| Keywords | જમીન, ક્ષાર, ઉપદ્રવ, ફળદ્રુપ, પાક, બંટી, Echinochloa frumentacea, મહેસાણા |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૮૫૬ | Member Type | Verifier | | |
| First Name | મહેશ | Middle Name | કે. | Last Name | પરમાર |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું.પો. કુડોલ | Taluka | મોડાસા | | |
| District | Sabarkantha | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૬૫૧ | Member Type | Scout | | |
| First Name | નરેશ | Middle Name | બબાભાઈ | Last Name | ગોહિલ |
| Profession | | Designation | | | |
| Address 1 | ૬૫, અંત્યોદયનગર સોસાયટી, | | | | |
| Village | | Taluka | | | |
| District | AHMEDABAD | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૬૬૯ | Member Type | Innovator | | |
| First Name | કનુભાઈ | Middle Name | ઈશ્વરભાઈ | Last Name | પટેલ |
| Profession | ખેતી | Designation | ખેડૂત | | |
| Address 1 | | | | | |
| Village | મુ. સેદરડી | Taluka | કડી | | |
| District | Mahesana | State | Gujarat | Country | India |

Biography

ઉત્તરદાતાની ઉંમર ૭૫ વર્ષની છે. તેઓ પ્રાથમીક શાળામાં શિક્ષક હતા. હાલ નિવૃત છે. તેમને ૩ પુત્ર છે. જેમાં સોથી મોટા માનસીક સ્થિતિ સારી નથી. બીજા કનુભાઈ જે કડી ગાયોનો તબેલો છે. હાલ ડેરી ચલાવે છે. ત્રીજા નંબરના જેઓ મોરબી પ્રાથમીક શાળામાં શિક્ષક છે. ત્રણે ભાઈની સંયુક્ત ૫૫ વિઘી જમીન છે. જેમાં દિવેલા, દેશી કપાસ, ડાંગરનો પાક વાવે છે.

ગામનો પરિચય –
આ ગામમાં ૧૦૦૦ માણસની વસ્તી ધરાવતું ગામ છે. ગામમાં મુખ્ય પટેલની વસ્તી છે. આ ગામમાં પ્રાથમીક શાળા, ગ્રામ પંચાયત, દૂધ મંડળી, આંગણવાડી, બાલવાડી વગેરે આવેલ છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૫૧૧૯ | Member Type | Verifier | | |
| First Name | નિતિન | Middle Name | કે | Last Name | રાઠોડ |
| Profession | | Designation | | | |
| Address 1 | મું. મહેસાણા, ૨, મેઘદુત સોસાયટી, વિસનગર રોડ, | | | | |
| Village | મું. મહેસાણા | Taluka | | | |
| District | Mahesana | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | |
|---|---|---|
| Innovation ID | **GUJ0020000000633** | **Sr No : 2** |

Innovation Title: લીંબુમાં ફુલ અને લીંબુ ખરી પડે અને પાન પીળા થાય તો

Category: પાક સંરક્ષણ,Crop

Notebook Number: Lok/૭/૨

Brief: લીંબુમાં ફુલ અને લીંબુ ખરી પડે અને પાન પીળા થાય તો માછલીના ખાતરનો ઉપયોગ

Detail:

ફળઝાડ વર્ગમાં લીંબુ એવો પાક છે જેને યોગ્ય માવજત આપવામાં આવે તો વર્ષમાં બે વખત ફાલ મળતો હોય છે. છોડની રોગપ્રતિકારક શક્તિ જળવાય તે માટે સેન્દ્રિય ખાતરોથી જમીન તથા પાકની તંદુરસ્તી જાળવી રાખવી અનિવાર્ય હોય છે.
લીંબુના પાકમાં ઘણીવાર પાન પીળા પડી જાય છે. અને આવા સમયે ફુલ તથા લીંબુ ખરી પડે છે.
કડી તાલુકાના થોળ ગામના ખેડૂત શ્રી સોમાભાઈ રણછોડભાઈ દંતાણી માછલીનું ખાતર નાખી સારી ખેતી કરે છે.
ખેડૂતના જણાવ્યા મુજબ માછલીનું ખાતર થડના ફરતે એક થી દોઢ ફુટના અંતરે વર્તુળમાં ૮ થી ૧૦ ઈંચ ઉંડાઈએ નાખીએ છીએ. ખાતર નાખ્ય બાદ પિયત કરીએ છીએ.
માછલીનું આ ખાતર લીંબુના ઝાડને ખુબ માફક આવે છે. માછલીના શરીરના નકામા અવશેષોનું આ ખાતર હોય છે. જે શરૂઆતમાં ખેડૂતને દુર્ગંદયુકત જરૂર લાગે છે. પરંતુ તે ઘણુ જ ફાયદાકારક માલુમ પડેલ છે.

(નોંધઃ- આ પદ્ધતિનું પીઆઈસી - મહેન્દ્રભાઈ. બી. વાઘેલાએ - સપ્ટેમ્બર - ૨૦૦૭માં કરેલ છે.)
ઉપરોક્ત જણાવેલ પદ્ધતિ સાચી છે જેનું પીઆઈસી કરેલ છે. હાલમાં આ પદ્ધતિનો ઉપયોગ કરતાં નથી ઉત્તરદાતાને આ પદ્ધતિમાં વધારે રસ નથી.

વિવરણઃ-
ઉત્તરદાતાના જણાવ્યા પ્રમાણે દિવેલાનો ખોળ ૫૦૦ ગ્રામ તથા ૫ કિલો માછલીનું ખાતર એક છોડ દીઠ નાખવામાં આવે છે. આ ખાતર નાખ્યા બાદ તેના દશ દિવસ પછી પિયત કરવામાં આવે છે.

આ પદ્ધતિ પરંપરાગત છે.
આ પદ્ધતિનો મૂળસ્રોત વડવાઓ છે.
આ પદ્ધતિનો વિચાર વડિલો પાસેથી મળેલ છે.
આ પદ્ધતિની કોઈ મર્યાદા નથી. સાવચેતી નથી.

આ માહિતી અન્ય કોઈ જગ્યાએ પ્રકાશિત થઈ નથી.
ખેડૂતને આ પદ્ધતિ લોકસરવાણીમાં છપાવવામાં રસ છે.

Method of Use:

Caution:

Benefit:

Condition:

Material Used:

IPR Status:

Keywords: માછલીના ખાતર

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૬૨૦૨ | Member Type | Verifier | | |
| First Name | મહેન્દ્ર | Middle Name | બી. | Last Name | વાઘેલા |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું. ઉધરોઝપુરા | Taluka | માંડલ | | |
| District | Ahmadabad | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | GUJ૦૦૨૦૦૦૦૦૦૦૫૬૩ | Member Type | Innovator | | |
| First Name | સોમાભાઈ | Middle Name | રણછોડભાઈ | Last Name | દંતાણી |
| Profession | ખેડૂત | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મુ. પો. થૉળ (થોળ) | Taluka | કડી | | |
| District | Mahesana | State | Gujarat | Country | India |

Biography

ખેડૂતનો પરિચયઃ
ઉત્તરદાતાની ઉંમર ૬૫ વર્ષની છે. તેમને અભ્યાસ કરેલ નથી. તેમને એક બાબો છે. તેમની પાસે જમીન થી. પશુમાં ચાર બકરાં છે. રસના વિષયમાં પશુપાલન છે. તેમની આર્થિક પરિસ્થિતિ નબળી છે. હાલમાં તેઓ થોળ બસસ્ટેન્ડ ઉપર મકાઈના ડોડા વેચીને પોતાનું ગુજરાન ચલાવે છે.

સમસ્યા – આ પદ્ધતિના સંદર્ભમાં કોઈ ભાવિ આયોજન જણાવેલ નથી.

ગામનો પરિચયઃ
થોળ ગામ મહેસાણા જિલ્લામાં આવેલું છે. કડી તાલુકાથી આશરે ૨૫ કિ.મી દૂર આવેલું છે. ગામની કુલ વસ્તી આશરે ૬૦૦૦ની છે. શિક્ષણનું પ્રમાણ ૯૦ ટકા જેટલું છે.
પ્રાથમિક સુવિધામાં બાલવાડી, પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, પંચાયત ઘર, સસ્તા અનાજની દુકાન, સહકારી મંડળી, દૂધ મંડળી, બેન્ક, સરકારી દવાખાનું તથા ટેલીફોનની વ્યવસ્થા છે. ગામમાં ધાર્મિક મંદિરો તથા મોટું તળાવ આવેલું છે. ગામમાં આવવા જવા માટે પ્રાઈવેટ તથા સરકારી સાધનોની વ્યવસ્થા છે.
અહીંની જમીન કાળી અને ગોરાળું છે. પાકોમાં કપાસ, બાજરી, જુવાર, દિવેલા, ઘઉં, જીરૂ તથા લીંબું જેવા પાકો થાય છે. પિયતની સુવિધામાં ટ્યુબવેલની વ્યવસ્થા ૫૦ ટકા જેટલી છે. ગામમાં ઠાકરો, પટેલ, હરિજન, દરબાર તથા દંતાણીના લોકો વસે છે.

ગામની સમસ્યા – અતિવૃષ્ટિથી કાચા રસ્તાઓ તુટી ગયેલા છે. તેમજ પાક ધોવાણ અને જમીન ધોવાણ થયેલ છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | GUJ૦૦૨૦૦૦૦૦૦૦૫૬૪ | Member Type | Scout | | |
| First Name | ગોવિંદભાઈ | Middle Name | | Last Name | વર્મા |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | | Taluka | | | |
| District | | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Innovation ID | GUJ0020000000634 | Sr No : 3 |
|---|---|---|

**Innovation Title** ડાંગરનું ધરુ વાડિયું

**Category** પાક સંરક્ષણ,Crop

**Notebook Number** Lok/૭/૨

**Brief**

**Detail**

મે જૂનમાં ખેડૂતો ડાંગરની વાવણી પૂર્વે ધરુ ઉછેરવામાં લાગી જાય છે. ગરમીના આ દિવસોમાં રોગમુક્ત ધરુ તૈયાર કરવું એક પડકાર હોય છે. પરંતુ કટેલાક એવા ખેડૂતો પણ છે જે પોતાની કોઠાસૂઝથી હલ શોધતા હોય છે. કડી તાલુકાના બાવલુ ગામના શ્રી કાન્તિભાઈ મગનભાઈ ઠાકોર ધરુ ઉછેરવામાં વિશિષ્ટ પદ્ધતિ અજમાવે છે.
ખેડૂતના જણાવ્ય મુજબ, સારુ ધરુ બનાવવા ચારેબાજુથી સરખું હોય તેવું ખેતર પસંદ કરીએ છીએ. ત્યારબાદ લીલાપાનના દોઢથી બે ઈંચના ટુકડા કરી ખેતરમાં પાથરીએ છીએ. આ પ્રમાણ એક ચોરસ મીટરમાં બે થી ત્રણ ખોબા જેટલું હોય છે. આ પાનને જમીનમાં ખેડ કરી ભેળવી દઈ પાણી ભરવામાં આવે છે. બીજી બાજુ ડાંગરના બીજના સારા સ્ફુરણ માટે એક માટલામાં ડાંગરના તંદુરસ્ત બીજ, ચારણાથી ચારેલું ત્રણ થી ચાર ખોબા, છાણિયું ખાતર તથા જરૂર મુજબ પાણી મેળવી પ્રવાહી રગડો બનાવીએ છીએ. આ માટલાને ભેજવાળા ઉકરડામાં ૨૪ થી ૩૬ કલાક રાખીએ છીએ. આમ કરવાથી ડાંગરના બીજ ફગણાઈ જાય છે. આ બીજને તૈયાર કરેલ કયારામાં પૂંખી દેવામાં આવે છે.

આ પદ્ધતિ સ્વયં વિકસાવેલ છે.
અવરનવર ગરમીના દિવસોમાં ધરૂનો સુકાઈ જવાનો તથા તેનો વિકાસ પૂર્ણ થવાથી આ વિચાર આવ્યો છે.
આ પદ્ધતિનો ઘણા બધા લોકો ઉપયોગ કરે છે.

અન્ય ઉપયોગ કર્તાઃ-
(૧) રામજીભાઈ કાળાભાઈ દેસાઈ
(૨) જયમલભાઈ આહીર
(૩) મહાદેવભાઈ પટેલ

(નોંધઃ- આ પદ્ધતિનું પી.આઈ.સી. નટુદાન એલ. ગઢવીએ કરેલ છે.)

(નોંધઃ- આ પદ્ધતિનું પીઆઈસી, સપ્ટેબર ૨૦૦૭માં મહેન્દ્રભાઈ. બી. વાઘેલાએ કરેલ છે.)

ઉત્તરદાતાના જણાવ્યા પ્રમાણે આ પદ્ધતિમાં છાંણિયા ખાતરનો પણ ઉપયોગ કરવામાં આવે છે.

ઉત્તરદાતાના જણાવ્યા પ્રમાણે ૧૦x૧૦ નો એક ક્યારો તૈયાર કરવામાં આવે છે. આ ક્યારામાં લીલાપડવારા (વખડાના પાન સુકા આશરે ચાર કિલો તથા ૫ કિલો છાણિયું ખાતર નાંખવામાં આવે છે. ત્યાર બાદ આ જમીનને ખેડી દેવામાં આવે છે. ડાંગરનું ધરૂવાડિયું તૈયાર કરવામાં આવે છે.

વનસ્પતિનું વર્ણનઃ
વખડો - આશરે ૧૫થી ૨૦ ફૂટ ઉંચુ ઝાડ થાય છે. તેના પાન જાડા અને તીખા હોય છે. ફળમાં પીલા આવે છે.

આ પદ્ધતિ પરંપરાગત છે.
આ પદ્ધતિનો મૂળસ્રોત વડવાઓ છે.
આ પદ્ધતિનો વિચાર વડિલો પાસેથી મળેલ છે.
આ પદ્ધતિનો ફેલાવો ૫૦ ટકા લોકો જાણે છે.
આ પદ્ધતિની કોઈ મર્યાદા નથી. સાવચેતી નથી.

અન્ય જાણકાર વ્યક્તિઓઃ
કાન્તિજી મગનજી ઠાકોર
ઈશ્વરજી મગનજી ઠાકોર
ધુળાજી મણાજી ઠાકોર
જયંતિજી શિવાજી ઠાકોર
કાભાજી બબાજી ઠાકોર
મુ.પો. બાવલુ, તા. કડી, જિ. મહેસાણા.

**Method of Use**

**Caution**

**Benefit**

**Condition**

**Material Used**

**IPR Status**

**Keywords** ધરૂ, વાડિયું, ડાંગર, મહેસાણા

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૬૨૦૨ | Member Type | Verifier | | |
|---|---|---|---|---|---|
| First Name | મહેન્દ્ર | Middle Name | બી. | Last Name | વાઘેલા |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું. ઉધરોઝપુરા | Taluka | માંડલ | | |
| District | Ahmadabad | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૭૫૫૩ | Member Type | Verifier | | |
|---|---|---|---|---|---|
| First Name | નટુદાન | Middle Name | એલ. | Last Name | ગઢવી |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મુ.પો. શંખેશ્વર | Taluka | સમી | | |
| District | Patan | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Member ID | GUJ૦૦૨૦૦૦૦૦૦૦૫૬૪ | Member Type | Scout | | |
|---|---|---|---|---|---|
| First Name | ગોવિંદભાઈ | Middle Name | | Last Name | વર્મા |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | | Taluka | | | |
| District | | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Member ID | GUJ૦૦૨૦૦૦૦૦૦૦૫૬૬ | Member Type | Innovator | | |
|---|---|---|---|---|---|
| First Name | કાન્તિભાઈ | Middle Name | મગનભાઈ | Last Name | ઠાકોર |
| Profession | ખેડૂત | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મુ. બાવલું, ઠે. ઠાકોરવાસ | Taluka | કડી | | |
| District | Mahesana | State | Gujarat | Country | India |

| | |
|---|---|
| Biography | ખેડૂતનો પરિચયઃ<br>ઉત્તરદાતાની ઉંમર ૪૫ વર્ષની છે. તેમને ચાર ધોરણ સુધી અભ્યાસ કરેલો છે. તેમને ત્રણ બેબી અને એક બાબો છે. તેમને પાસે ૧૦ વિઘા જમીન છે. જેમાં બાજરી, જુવાર, દિવેલા, ઘઉં, કપાસ, જીરૂ તથા કઠોળવર્ગના પાકોનું વાવેતર કરે છે. આ જમીન પિયત છે. ટ્યુબવેલની વ્યવસ્થા છે. ટેક્ટર પોતાનું છે. પશુમાં બે ભેંસો છે. રસના વિષયમાં ખેતી અને પશુપાલન છે. આર્થિક પરિસ્થિતિ સારી છે. આવકનું સાધન ખેતી અને પશુપાલન છે.<br><br>સમસ્યા –<br>ખેતીમાં નવીનીકરણ કરવા માંગે છે. જરૂરી મુજબના સૂચનો આપશો.<br><br>ગામનો પરિચયઃ<br>બાવલુ ગામ મહેસાણા જિલ્લામાં આવેલું છે. કડે તાલુકાથી આશરે ૨૦થી ૨૫ કિ.મી દૂર આવેલું છે. ગામની કુલ વસ્તી ૩૦૦૦ની છે. શિક્ષણનું પ્રમાણ ૮૦ ટકા જેટલું છે. પ્રાથમિક સુવિધામાં બાલવાડી, પ્રાથમિક શાળા, પંચાયત ઘર, રસ્તા અનાજની દુકાન, કરિયાણાની દુકાન, સહકારી મંડળી, દૂધ મંડળી તથા ટેલીફોનની વ્યવસ્થા છે. ગામમાં સુંદર મહાદેવનું મંદિર આવેલું છે. એક તળાવ છે.<br><br>અહીંની જમીન કાળી અને ગોરાળું છે. પાકોમાં કપાસ, બાજરી, જુવાર, દિવેલા, ઘઉં જીરૂ તથા ઘાસચારાના પાકો થાય છે. પિયતની સુવિધામાં ટ્યુબવેલ તથા ચોમાસું આધારિત છે. ગામમાં ઠાકોરની વસ્તી વધારે છે. તેમજ હરિજન અને પટેલ લોકો વસે છે.<br><br>ગામની સમસ્યા –<br>ઉત્તરદાતાના જણાવ્યા પ્રમાણે અતિવૃષ્ટિથી ગામના કાચા રસ્તાઓ તેમજ જમીન ધોવાણ થયેલ છે.<br>– પાણીના નિકાલ માટે ગટરની વ્યવસ્થા નથી. |